જીવલેણ ચાહું

ચક્રવર્તી રાજગોપાળાચાર્ય

:: પ્રસ્તાવના લેખક ::

રા. બ. ચિમનલાલ દલપતરામ કવિ બી. એ.

:: પ્રકાશક ::

શ્રી. રામકૃષ્ણ સેવા સમિતિ

અમદાવાદ.

:: મુદ્રકો ::

વિષ્ણુપ્રસાદ રતનરામ ઠાકોર

ખાડીઆ, જેઠાભાઈની પોળ અમદાવાદ;

" શ્રી રામકૃષ્ણ ભુવન "

ગુજરાત સોસાયટી, અમદાવાદ.

રસીકલાલ વાસુદેવ મહેતા

સાંકડીશેરી, હજીરાની પોળ, અમદાવાદ

મંત્રીઓ, શ્રી રામકૃષ્ણ સેવા સમિતિ.

અમદાવાદ

નશાબંધી પ્રચારાર્થે

પહેલી આવૃત્તિ ૧૨૫૦

બીજી ,, ૧૨૫૦

પ્રકાશકોનું નિવેદન

'જીવનશિક્ષણ ગાઈડ' ની આ બીજી આવૃત્તિ છે. આ આવૃત્તિ બહાર પાડવા માટે શ્રી. કાન્તિલાલ ચુનીલાલ શાહે રૂ. ૨૫) આપ્યા છે. અત્યાર સુધીમાં કાંઇ પણ મૂડી વગર અમોએ લગભગ ૨૨૦૦૦) નાના મોટા પુસ્તકોનો પ્રચાર કર્યો છે. શ્રી રામકૃષ્ણ શતાબ્દિ વખતે શ્રી. ડાહ્યાભાઇ રામચંદ્ર મહેતાએ 'શ્રી રામકૃષ્ણ પરમહંસ (જીવન અને ઉપદેશામૃત) પ્રગટ કરેલું ત્યારબાદ અં. સૌ. નિપૂણીકા બાબુશંકર ચોધારીએ પ્રથમ અમને રૂા. ૨૬૫) ની રકમ 'શ્રી. નાગ મહાશયનું જીવન વૃત્તાંત' છપાવવા આપી. આ પ્રકાશન બહાર પડયું અને જનતાએ તેને સારો આવકાર આપ્યો. આથી ઉત્તેજીત થઇ 'શ્રમણ–નારદ' અને 'એક સન્તનો અનુભવ' એમ બે નાની પુસ્તિકાઓ અમોએ બહાર પાડી. 'શ્રમણ–નારદ' ની પહેલી આવૃત્તિ છપાવવામાં અમને શ્રી. શાન્તા લક્ષ્મી. ચિ. કવિ તથા શ્રી. ત્રીકમલાલ મહાસુખરામે મદદ કરી. ત્યારબાદ આ પુસ્તકની છ આવૃત્તિઓ થઇ છે અને પ્રૌઢ શિક્ષણ કાર્ય માટે આખા ગુજરાતમાં આ પુસ્તક મફત વહેંચવામાં આવ્યું છે. બીજી આવૃત્તિનું ખર્ચ શ્રી. સુશિલા રાજેન્દ્ર દેસાઇએ તથા ત્રીજી આવૃત્તિનું ખર્ચ શ્રી. હરિલાલ નાથાભાઈ પારેખ આપ્યું હતું. 'એક સન્તનો અનુભવ' પુસ્તક છપાવવાનું ખર્ચ શ્રી. બાબુભાઈ કે. ગાંધીએ આપ્યું હતું. ત્યારબાદ બે નાના પુસ્તકો 'શાન્તિદાસ' અને 'નવું રેલ્વે સ્ટેશન' પ્રૌઢ શિક્ષણ કાર્ય માટે પ્રગટ કરવામાં આવ્યા. જેનું તમામ ખર્ચ શ્રી. શાન્તા લક્ષ્મી. ચિ. કવિએ આપ્યું હતું. 'શાન્તિદાસ'ની ત્રણ આવૃત્તિઓ થઇ છે.'શ્રી. નાગ મહાશયનું જીવન વૃત્તાંત' ની તમામ નકલો ખપી જવાથી તેની આવકમાંથી

અમોએ એક પુસ્તક ' શ્રી. રામચંદ્ર દત્તનું જીવન વૃત્તાંત ' પ્રગટ કર્યું. એ પછી આ પુસ્તક ' જીવન્નેણુ ગાડું ' ની પ્રથમ આવૃત્તિ પ્રગટ કરવામાં મેસર્સ વિશ્રામ વાળજીની કું. એ મદદ કરી. અમારા પ્રકાશનોમાં અમને રા. બ. ચિમનલાલ દલપતરામ કવિએ સુંદર સહકાર આપ્યો છે અને એક પુસ્તક ' સહકાર ' ગ્રામોદ્ધાર માટે લખી આપ્યું છે. આ પુસ્તક છપાવવાનું ખર્ચ શ્રી. શાન્તા લક્ષ્મી. ચિ. કવિએ આપ્યું છે. આ ઉપરાંત અમને અમદાવાદ પીપલ્સ કો. બેંકે પણ નાણાંની મદદ કરી છે. અમદાવાદ સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેંક, અન્ય સંસ્થાઓ તથા ગૃહસ્થોએ સામટા પુસ્તકો ખરીદી પ્રચાર કાર્યમાં અમને મદદ કરી છે, તથા સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલયે પુસ્તકો છપાવવામાં મદદ કરી છે. જેઓ સર્વનો અમો આભાર માનીએ છીએ. જનતા તરફથી અમારા કાર્યમાં અમને સર્વ રીતે ઉત્તેજન અને મદદ મળશે એવી આશા રાખીએ છીએ.

અમદાવાદ
તા. ૧૪-૧-૪૦
સંવત ૧૯૯૬
મકર સંક્રાન્તિ

શ્રી રામકૃષ્ણ સેવા સમિતિ
અમદાવાદ.

પ્રસ્તાવના

આ વાર્તા મહાત્મા ગાંધીજીના પટ્ટ શિષ્ય શ્રી. ચક્રવર્તિ રાજગોપાળાચાર્યે લખેલી છે. તે હાલ મદ્રાસ સરકારના મુખ્ય પ્રધાન છે. અને સામાન્ય રીતે "રાજાજી" એ નામથી ઓળખાય છે. તેમની વાણી સચોટ અને મીઠી છે તેના કરતાંયે તેમનું જીવન ઘણું ઊંચું છે. મન, વચન, કર્મની એકતા દુર્લભ હોય છે. તે તેમનામાં વિશેષપણે છે. સાદાઇ અને ત્યાગની તે જીવન્ત મૂર્તિ છે. મુખ્ય પ્રધાનની મ્હોટી પદવી મળ્યા પછી અને અતિશય કામનો બોજો છતાં, પોતાનાં કપડાં પોતે ધોતા હતા તે વખતની છબી અનાયાસે વર્તમાનપત્રમાં પ્રગટ થઇ હતી. તેમની શૈલીની ખરી ખુબી તેની આડંબર વિનાના સરળતામાં છે. આવા મહા પુરૂષની કલમથી લખાયેલી આ ન્હાની વાર્તા સચોટ અસર કરે તે સ્વાભાવિક છે.

આ ન્હાની વાર્તામાં રાજાજીએ ઘણા સામાજીક પ્રશ્નોનો ઉલ્લેખ કર્યો છે.

૧

લગ્ન પછી કરૂપ્પાણ અને તેની સ્ત્રી પાર્વતીને "નોખા કર્યાં." અને તેના સંબંધી લખ્યું છે કે આળસુ ઉચ્ચ વર્ણોમાં કજીયા કંકાસ કરાવનારી પ્રચલિત સંયુક્ત કુટુંબ પદ્ધતિ કરતાં આ રીવાજ સારો છે."

૨

વાર્તાની નાયિકા પાર્વતીને મન "કરૂપ્પાણ અને બળદો અને ખેતર અને ભેંસ આખી દુનિયા હતી. આ કામમાંથી પરવાર મળતી ત્યારે તેના પીયેરથી આણેલા રેંટીયે બેસતી. રાત્રે ચાંદરણું હોય ત્યારે તેની જેઠાણી પણ કાંતવા આવતી અને બન્ને વાતો

કરતાં કરતાં કાંત્યા કરતાં હતાં." રેંટીયો નવરાશની વખતે કમાણી કરવાના સાધન તરીકે સાસરવાસામાં આપવામાં આવતો અને નવરાશે ખુલ્લી હવામા ચાંદનીમાં બાળકોને પાસે સુતાં કે રમતાં મુકી આનંદ સાથે કાંતવાનું કામ સ્ત્રીઓ ભેગી મળી કરતી. આજથી પચાસ વર્ષો ઉપર અમદાવાદની પોળોના, ચોકઠામાં આવો દેખાવ જોવામાં આવતો, અને હજુ કાલાની મોસમમાં વિરમગામ જેવાં મથકે કાલાં ફોલતી વખતે જોવામાં આવે છે. અને "આવો મારાં વ્હાલાં, અને ફોલાવો કાલાં" એ જોડકણાથી મળવા આવનારનો સત્કાર કરવામાં આવે છે.

૩

એકલા ખેતીના ધંધામાંથી નિર્વાહ પૂરતી આવક થતી નથી એ તો હવે નિર્વિવાદ છે. બારડોલી સત્યાગ્રહ પછી તપાસ માટે નીમાયેલી કમીટીના સભ્ય મેસર્સ બ્રુમફીલ્ડ અને મેક્સવેલ (હવે બન્ને સર) એમણે પણ ખેડુતની આવકજાવકના આંકડા તપાસી અભીપ્રાય દર્શાવ્યો છે કે "દુનિયાના ઘણા ખરા ભાગમાં ખેતીનો ધંધો લાભદાયી નથી. તેનાથી પૈસો એકઠો થતો નથી, પણ સંજોગો અનુકુળ હોય ત્યારે ઓછામાં ઓછું નિર્વાહ જોગ મેળવવાની આશ રાખી શકાય." પણ અનુકુળ સંજોગો મળવા હવે તો દોહલાં છે. છપ્પનીયા પછી ઉત્તર ગુજરાતમાં તો સાધારણ રીતે એક વર્ષ સારૂં, એક સાધારણ, અને એક ખરાબ એવો ક્રમ માલમ પડે છે. માટે ખેતી સાથે બીજા ધંધાની જરૂર છે. અને તે માટે પાર્વતી ભેંસનું દુધ, છાશ, ઘી વેચતી અને અઠવાડિયે બે રૂપીઆ કમાતી અને તેમાંથી પરવારતા ત્યારે રેંટીયે બેસતી. ખેતીની સાથે અવકાશે કરવાનો ધંધો થોડે ખર્ચે થોડી બુદ્ધિએ નવરાશે થઇ શકે અને સામાન્ય ઉપયોગની ચીજ બનાવી શકે એવો હોવો જોઇએ, અને એવો સર્વ સાધારણ ધંધો રેંટીયા અને સાળ સિવાયનો બીજો હજુ તો જડયો નથી. અનુકુળતા પ્રમાણે બીજા નાના ધંધા કેટલીક જગાએ થઇ શકે છે.

૪

ઘરનું કામ અને ઘરમાં કરવાનો દુધ, છાશ, ઘી રેંટીયો વિગેરે ધંધો કરવા ઉપરાંત દેવાને લીધે પાર્વતીએ જ્યારથી ઘર બ્હાર કડીયા કામે જવા માંડયું ત્યારથી તેના બાળકની બરાબર સંભાળ લેવાતી નહિ. અને "અઠવાડિયાની પીડા અને વેદના ભોગવી તે બીચારૂં મરી ગયું." હાલ ઘોડીઆખાતાં વિગેરેની સગવડ કેટલીક જગોએ થાય છે. પણ તે થીગડાં છે. તે સારૂં તો છે, પણ ઉત્તમ નથી. ભાડવાત માલીક જેટલી ઘરની સંભાળ ના રાખે અને ઘર બહારનો ધંધો કરવાના કારણેજ "ઘણા દિવસ તો પાર્વતીએ સેતાન સામે ટક્કર ઝીલી, પણ આખરે તે પડી. ગરીબી અને લાચારીને લીધે સ્ત્રી અંતે ક્રૂર વિષયિ માણસની જાળમાં ફસાય છે" અને કડીઆ કામે, મીલોમાં અને ખાણોમાં કામ કરનારને આવો બરાબ અનુભવ ઘણો થાય છે.

૫

નિરક્ષરતા એટલે અજ્ઞાન નહિ, એ વાત કેટલીક વખત ભૂલી જવાય છે. અક્ષરજ્ઞાન એ સાધન છે, સાધ્ય નથી. પાર્વતીનું બાળક મરી ગયું ત્યારે તેના વૃદ્ધ બાપે કરૂપાણને કહ્યું "બેટા રડ, મા. જેણે આપ્યું તેણે લઇ લીધું" અને પાર્વતીને કહ્યું " કુંભારના ઘડયાં હોય એટલાં કાંઇ પાકે નહિ, એમાં શોક કર્યે શું કામ આવે." આ વૃદ્ધ "**मयैवेते निहताःपूर्वमेव**" અને **जातस्य हि ध्रुवो मृत्यु, र्ध्रुवं जन्म मृतस्य च । तस्मादपरिहार्येऽर्थे, न त्वं शोचितमर्हसि ॥** એ શ્લોકો વાંચ્યા નહિ હોય, કદાચ સાંભળ્યા હશે, પણ તેનું તેને અનુભવ સિદ્ધ જ્ઞાન હતું.

૬

ઇરમાઇલે જ્યારે પાર્વતીને પૂછયું કે "આ તારા ધણીથી તું કાઇ ગઇ નથી." ત્યારે તે જવાબ આપે છે. કે ,, જેની સાથે પાનાં પડયાં તેનાથી કંટાળ્યે કેમ પાલવે. "

આ ભાવના નાશ પામી હાલતો છુટા છેડાની હિમાયત થઇ રહી છે. અને એ કુદરતિ સંતતિ નિયમનની માફક તે કદાચ વધારે અનિષ્ટ કરે. અને જેને ઊંચા થવું છે, તે છુટાછેડાનો નિષેધ કરે છે. એ પણ વિચારવા જેવું છે. એક તત્વવેત્તાએ લખ્યું છે કે "છુટા છેડા લેવા તે હાર કબુલ કરવા બરાબર છે" કારણ છુટછાટ મુકી એક બીજાને સાનુકુળ થઈ શકાયું નહિ. એક ધર્મગ્રંથમાં લખ્યું છે કે "છુટા છેડા કાયદેસર છે, પણ ઇશ્વરને તે વાત પસંદ નથી."

૭

કેસ ચાલતાં વકીલની ફીને માટે ભેંસ, ગાડું, બળદ વેચવાં પડે છે. તે ઉપરથી "જે જાય દરબાર, તે ખુએ ઘરબાર." એ કહેવત સાચી ઠરે છે.

૮

કોર્ટના ફેંસલા ઉપરથી એવું સુચન થાય છે કે પ્રતિષ્ઠિત માણસનું અસત્ય મનાય છે. કારણ કે તે અસંભવિત ગણાતું નથી. પણ ગરીબ માણસનું સત્ય મનાતું નથી કારણ કે તે અસંભવિત મનાય છે. અને કોર્ટમાં સત્ય કહેતાં માણસ અનેક કારણોને લીધે અચકાય છે. અગર તેને તેમ નહિ કહેવાની સલાહ મળે છે. પાર્વતીને "ધણીને બચાવવાની ઇચ્છા તો હતી, પણ તેનું પાપ કબુલ કરતાં તેને ધ્રુજારી આવતી હતી" થાકી "ભગવાન જેમ કહેવડાવશે તેમ કહીશ." એમ કહ્યું: પણ દબાણને લીધે "ત્યારે તમે કહેવરાવશો તેમ કહીશ" એમ વકીલને કહ્યું અને કર્યું પણ તેમજ. વૃદ્ધ પોલીસની સલાહ પ્રમાણે સાચી વાત પહેલેથી જ કહી હોત તો કદાચ તેના ધણીને થોડી સજા થાત.

૯

"આ ભીખારીના છોકરા કયાં અને કેવી રીતે ગાનાં શીખે છે એ એક ભેદી કોયડો છે" અને બીજા ભીખારીને "આ છોકરા જેવું રડતાં તું કયાં શીખ્યો" એમ પૂછી વાર્તા એવું સુચન કરે છે કે ભીખારીઓ સારા અને ખોટા બન્ને જાતના ઢોંગ શીખે છે.

તેનાથી ચેતતા રહેવાનું છે. રા. ચન્દ્રવદન મહેતાના "નાગા બાવા" નાટક વાંચનાર અને જોનારને આ કોયડો કળાયો હશે.

આવા ઘણા પ્રશ્નોનો ઉલ્લેખ સ્પષ્ટ અગર ગર્ભિત રીતે કરેલો છે. પણ આખી વાતનો મુખ્ય મુદ્દો દારૂતાડીના વ્યસનથી થતા ગેરફાયદાનો છે. અને વાર્તામાં વ્યસન પહેલાં કરૂપ્પાણના કુટુંબની સ્થિતિ કેવી સુખી હતી, અને વ્યસન પછી તેના કુટુંબનો કેવો ખરાબ રીતે અંત આવ્યો તે હકીકત સરસ અને સચોટ રીતે બતાવી તે મુદ્દો સાબીત કર્યો છે અને તેની સાથે માણસ કુદરતિ રીતે નિર્વ્યસની હોય છે. પણ સોબત અને લાલચથી બગડે છે. અને શરૂઆતમાં બીગાડ પછી નહિ બગડવાના નિશ્ચય છતાં ાબત અને લાલચને લીધે ફસાય છે, એવો સાર છે.

જ્યારે કરૂપ્પાણ દારૂતાડીના વ્યસને ચઢયો નહતો ત્યારે ખેતીની આવક અને દુધ, છાશ ઘીની અઠવાડિએ રૂપીયા એની આવક અને રેંટાયાની આવકથી કુટુંબ સુખી હતું. અને જ્યારે પાર્વતી "કરૂપ્પાણ તરફ જોઇને હસતી, ત્યારે પોતે જાણે દુનિયાનો બાદશાહ હોય એમ કરૂપ્પાણ મલકાતો," જ્યારે તે દારૂતાડીના વ્યસને ચઢયો ત્યારે તેની આવક કમી થઇ, બૈરીને મારતો દેવું થયું પાવતીને ઘર બ્હાર ધંધો કરવા જવું પડયું, બાળક મરી ગયું અને છેવટે તેનું પતન થયું, સાથીઓ સાથે મારામારી થવા માંડી તાડીના નીશામાં અને ક્રોધના આવેશમાં ઇસ્માઇલને ધારીયાવતી માર્યો, તેને લીધે કાયદા, પોલીસ અને વકીલના પંજામાં સપડાયો ભેંસ બળદ ગાડું વેચાયાં, તેને પોતાને છ વરસની સખત મજુરીની સજા થઇ, અને પાર્વતીને કોઇએ સંઘરી નહિ માટે આપઘાત કરવો પડયો.

ગાડાની ખેપમાં કરૂપ્પાણનો પીતરાઇ રામન તેની સાથે રહેતો. "તેણે તેને તાડીનો સ્વાદ ચખાડયો." તેથી આવક કમી થઇ દેવું થયું અને ત્રીસ ટકાના બ્યાજે ખાદીરખાન પાસેથી રૂપીયા લાવ્યો ત્યારે "તે ગોઝારી ચીજને ફરી નહિ અડું" અને "તાડી ન પીવાનાં મ્હેં સોગંદ ખાધા છે" એવો નિશ્ચય કર્યો. પણ બે મહીના પછી બગડયો. વળી પાછું જ્યારે તેનું બાળક મરી ગયું ત્યારે

"હું તે ઝેરને કદીએ નહિ અડકું" એવો નિશ્ચય કર્યો. પણ એક અઠવાડિયા પછી "રામપુરમના પીઠા" આગળથી નીકળ્યો ત્યારે સોગંદ ભુલાઈ ગયા, અને "બસ આ છેલ્લીજ વખત" એમ કહીને પીઠામાં દાખલ થયો. અને એમ કરતાં ટેવ પડી. આવી રીતે ખરાબ સોબત અને પીઠાની લાલચને લીધે તે ખરાબ વ્યસને ચઢયો અને પાયમાલ થઈ ગયો. માટે સોબત કરતાં વિચાર કરવો. અને વ્યસન નહિ કરવાના નિશ્ચયમાં મક્કમ રહેવું. કારણ તેને માટે સરકાર કાંઈ ઇલાજ કરી શકે તેમ નથી. રસ્તે જતાં પીઠાની જે લાલચ હતી તે દૂર કરવાનું શુભ કામ હાલની સરકારે લગભગ ત્રણ કરોડ રૂપીઆની આવક જતી કરીને તેટલી રકમનાં કર આપી શકે તેવા માણસો પાસેથી તેમની શકિતના પ્રમાણમાં કર લઇને લોકપ્રિયતાના જોખમે પણ કર્યું છે. તેથી ગરીબ અજ્ઞાન લોકોને લગભગ બાર કરોડ રૂપીઆનો બચાવ થશે. કારણ સરકારને જેટલી આવક થતી તેનાથી લગભગ ચારગણી કીંમતનો દારૂ ખપતો. આટલી રકમ ગરીબ માણસોની બચવાથી તેનો સદુપયોગ કરશે તો તેમને પુરતું ખાવાનું મળશે, જોઈતાં કપડાં વિગેરે સાધનો મળશે, શરીર સારાં થશે, દેવામાંથી મુકત થવાશે, અને તે ઉપરાંત ઘરનો કંકાસ જશે. દારૂબંધીનો ખરો આશિર્વાદ વ્યસનીનાં બૈરાંઓનો છે. અને તેથીજ પાર્વતીએ "અમારાં બૈરાનું સત્યાનાશ વાળવા ત્યાં પીડું છે સ્તો" એમ કકળતી આંતરડીએ કહ્યું છે.

દારૂબંધી દાખલ કરી સરકારે પીઠાની લાલચ દુર કરી છે. અને તેથીએ આગળ જઈ દારૂ વિશેની જાહેર ખબરો ઉપર પ્રતિબંધ મુકતો સને૧૯૩૯ નો મુંબઇનો નં ૬ નો કાયદો પાસ કરી બીજી એક લાલચ પણ દુર કરી છે. કારણકે આ જમાનામાં છાપખાનું પણ શુભ અને અશુભ કરવાનું એક પ્રબળ સાધન છે. આ સંબંધમાં પ્રસ્તાવના લેખકના જીવનના એક પ્રસંગનો ઉલ્લેખ અયોગ્ય નહિ ગણાય. સને ૧૮૯૩ માં જ્યારે તે ઇંગ્રેજી ત્રીજા ધોરણમાં પાસ થઈ ઇગ્રેજી ચોથા ધોરણમાં

આવ્યો ત્યારે તેને એવી સલાહ મળી કે હવે તેને એક રોજીંદુ ઇંગ્રેજી વર્તમાન પત્ર વાંચવું. અને જ્યારે એવું સારૂં વર્તમાન પત્ર કયું એમ પૂછવામાં આવ્યું ત્યારે "ટાઇમ્સ ઓફ ઇન્ડીઆ" ની એક નકલ આપવામાં આવી. તે ઉઘાડતાં જ તેમાં દારૂની જાહેર ખબર જોવામાં આવી. તેથી તે પત્રને નાખી દઇ કાંઇક ગુસ્સે થઇ પૂછ્યું કે "આને તમે સારૂ પત્ર કહો છો ? આ તો દારૂની જાહેર ખબર છાપે છે. અને તેથી તેનો પ્રચાર કરે છે" ગૃહ શિક્ષણ અને ધાર્મિક વાતાવરણનું આ પરિણામ હતું. અને તેના પાયામાં સ્વામિનારાયણનો ધર્મ હતો. તેનાં પાંચ વર્તમાન પૈકી બે મુખ્ય વર્તમાન "અહિંસા અને મદ્ય માંસ નિષેધ" છે અને તેને પરિણામે લુંટફાટ અને અત્યાચાર કરનાર કાઠી અને કોળી તેમની કુટેવો છોડી સત્સંગી સદાચારી થયા. હાલ તો વ્યકિત સ્વાતંત્ર્ય અને આત્મ મન્થનના ઓઠા નીચે સ્વચ્છંદનો પ્રચાર થવા માંડયો છે અને સત્તા અને આમન્યાનું કેન્દ્ર ઘરમાંથી બહાર નીકળ્યું છે. તેથી સામાજીક બાબતોમાં તળપદી સરકારને કાયદા કાનુન કરવા પડે છે. જર્મની, ઇટલી, ટર્કી, રશીઆ અને જાપાનમાં પણ વ્યકિત રાષ્ટ્રને માટે છે. એ જુનો ગ્રીક આદર્શ સ્વિકારાયાં છે. અને ચીનમાં તો છાકટાપણા માટે મોતની સજા ફરમાવેલી છે.

સારાંશ

દા રૂ બં ધી

એટલે

અધમતા અને નિર્ધનતાનો નાશ

અને

સુખ અને શાન્તિની પ્રાપ્તિ

सर्वे अत्र सुखिन: सन्तु ।

"વન્દન"
પ્રીતમનગર
અમદાવાદ.
તા. ૧૧-૮-૩૫
અ.માસ કૃષ્ણ એકાદશી

ચિમન દ. કવિ

રાજાજી

રાજાજીના ઉપનામથી સુપ્રસિદ્ધ અને મદ્રાસ પ્રાંતના માજી વડાપ્રધાન શ્રી. રાજગોપાલાચાર્યના નામથી ભાગ્યે જ કોઈ અપરિચિત હશે.

રાજા-દિલના આ પુરૂષનું સ્થાન હિંદના ગણ્યા ગાંઠયા વિચક્ષણ પુરૂષોમાં આગળ પડતું છે. પ્રખર વકતા, સફળ લેખક અને ગાંધીજીના રાજકારણના સમર્થ મુત્સદ્દી તરીકે તેમની નામના દરેક ઠેકાણે પ્રસરેલી છે.

રાજાજીનો જન્મ ઇ. સ. ૧૮૭૯ માં મદ્રાસ પ્રાંતના સાલેમ ગામમાં થયો હતો. રાજાજીના કુટુમ્બ વિષે બહુ માહિતિ મળી નથી. પણ રાજાજી માતૃપ્રેમ માટે સુવિખ્યાત છે. મોટી ઉંમરે પણ જેલના પિંજરામાં માતાની યાદમાં ગળગળા થતા આ ભવ્ય પુરૂષને અનેકે જોયા છે.

બી. એ. નો અભ્યાસ પૂરો કરી રાજાજીએ મદ્રાસની લૉ કોલેજમાંથી વકીલાતની પરીક્ષા પસાર કરી. રાજાજીએ સાલેમમાં વકીલાત શરૂ કરી. ટૂંક સમયમાં મોટા બેરીસ્ટરોને ઝાંખા પાડી દીધા. ઈ. સ. ૧૯૧૭ માં સાલેમ મ્યુનિસીપાલિટીના પ્રમુખ ચુંટાયા

રાજાજીની ખ્યાતિ ફેલાતી જતી હતી. મદ્રાસના જાણીતા આગેવાન સ્વ. રંગા આયર તેમને નાનું ક્ષેત્ર છોડી વિશાળ ક્ષેત્રમાં આવવા સમજાવી રહ્યા હતા. ઇ. સ. ૧૯૧૮ માં મહાત્મા ગાંધીજી મદ્રાસના પ્રવાસે આવ્યા. રાજાજીનો પ્રથમ પરિચય થયો. પછી તો તેઓ મહાત્માજીના ચુસ્ત ભકત બન્યા.

ઘણાને સાંભળીને આશ્ચર્ય થશે કે રાજાજી ચુસ્ત હિંદુ છે. અથવા આદર્શ હિંદુ છે. ગીતા એમનો પ્રિય ગ્રંથ છે. થોડા વખત પહેલાં રાજાજીના કપાળમાં તિલક દેખાતું ને રોજ ગાયત્રીનો ૧૦૮ વાર જાપ થતો. છતાં બીજા ધર્મો

પ્રત્યે તેમને માન છે. એક વેળા હજરત મહમ્મદ પયગમ્બર વિષે હલકી ભાષામાં લખાયેલું પુસ્તક વાંચી તેમને અત્યંત દુઃખ થયું હતું. હરિજનોની સેવા તો એમનો પ્રિય વિષય છે.

ઇ. સ. ૧૯૨૦ માં તેમણે ધીકતી વકીલાત ફગાવી દીધી, ને રાષ્ટ્રસેવાના યજ્ઞમાં ઝંપલાવ્યું. અનેકવાર જેલમાં જઇ આવ્યા. મહાત્માજીના સમર્થ અનુયાયી તરીકે તેમણે મોટી છાપ જમાવી છે. ઘણી મહાસભાઓમાં તેમણે અગત્યનો ભાગ ભજવ્યો છે, ને તેમની દલીલોએ વિજય મેળવ્યો છે. કોઇપણ ગૂંચનો ઉકેલ રાજાજી માટે સામાન્ય છે.

ખાદી, હરિજન પ્રવૃત્તિને આ ઉપરાંત દારૂ બંધીના તેઓ પ્રથમથી હિમાયતી છે. તેમણે 'પ્રોહીબીશન લીગ ફૉર ઇંડિયા' આજથી છ વર્ષ પહેલાં સ્થાપેલી. પોતે એક સુંદર ગ્રંથ પણ લખેલો. રાજાજી કેવલ સ્વદેશ ભકત જ નથી, વિદ્વાન વિવેચક અને ફિલસુફ પણ છે. તેમણે પુસ્તકો લખ્યાં છે. કહેવાય છે કે રાજાજી મદ્રાસના વડાપ્રધાન ન હોત તો મહાસભાના પ્રમુખ હોત! અને હિંદમાં નહિ પણ યુરોપમાં હોત તો વોશીંગ્ટન કે બિસ્માર્ક બનત.

એવા રાજાજીની લખેલી આ વાત છે.

તા. ૨૦–૧૧–૩૯
અમદાવાદ.

ઉપલી માહિતી ધી જ્યોતી કાર્યાલય લી૦ તરફથી મળી છે.

જીવલેણ ગાડું

૧

કુરુપ્પાણુ અને તેની પત્ની પાર્વતીને 'નોખાં કર્યાં.' ખેડૂતોમાં રિવાજ છે કે પુરૂષ પરણે અને તેની સ્ત્રી સાસરવાસે આવે ત્યારે તેમને રહેવા માટે જુદું એલાયદું ઘર આપવું. તેઓ પોતાની મેળે મજૂરી કરી પોતાનો નિભાવ કરે. આળસુ ઉચ્ચ વર્ણોમાં કજિયા કંકાસ કરાવનારી પ્રચલિત સંયુક્ત કુટુંબપદ્ધતિ કરતાં આ રિવાજ સારો છે. કુરુપ્પાણુનાં માબાપ ઘરડાં હતાં અને તેઓ ગામમાં પોતાના કુટુંબના ઘરમાં રહેતાં હતાં. તેનો મોટો ભાઇ ખેતરમાં ઝુપડું બાંધીને રહેતો હતો. કુરુપ્પાણુ તેની સ્ત્રી સાથે રહેવાનો હોવાથી તેમણે તેમનું ખેતર ત્રણ ભાગમાં વહેંચી લીધું. મોટોભાઇ તેના પોતાના ભાગ ઉપરાંત બાપનો ભાગ ખેડતો અને બાકી રહેલો ત્રીજો ભાગ કુરુપાણુને સોંપ્યો. તેઓએ બધાએ ભેગા મળી તેને રહેવાનું કાચું ઘર બાંધી આપ્યું. ઢોર પણ વહેંચી લીધાં. કુરૂપ્પાણુને ભાગ એક જોડી બળદ અને બે બકરી આવી. કુરૂપ્પાણુ ત્રીસ વર્ષનો સુંદર ઉંચો જુવાન હતો અને પાર્વતી આખા ગામમાં સૌથી ફુટડી હતી. તેનાં મોં અને ઘાટ રાજાની રાણી જેવાં હતાં. તે ઘડી નવરી ન બેસતી. આ ઘરમાં જાણે તે ઘણાયે વખતથી રહેતી હોય તેમ આ નવા ઘરમાં કામ કરતાં કરતાં જ્યારે કુરુપ્પાણુ તરફ જોઇને હસતી, ત્યારે પોતે જાણે દુનિયાનો બાદશાહ હોય તેમ કુરૂપ્પાણુ મલકાતો.

પાર્વતી તેના પિયેરથી થોડા પૈસા લાવી હતી. તેમાંથી તેમણે એક દૂઝણી ભેંસ ખરીદી. બરાબર એની ઋતુએ વરસાદ પડયો, કુરુપ્પાણે સખત મજુરી કરી, એટલે નાનકડા ખેતરમાં સારો પાક થયો. પાર્વતી હસતે મોંએ આખો દિવસ સખત કામ કરતી. કુરૂપ્પાણુ અને બળદો અને ખેતર અને ભેંસ એ એને મન આખી

દુનિયા હતી. આ કામમાંથી પરવાર મળતી ત્યારે તે તેના પિયેરથી આણેલા રેંટિયે બેસતી. રાત્રે, ચાંદરણું હોય ત્યારે, તેની જેઠાણી પણ કાંતવા આવતી અને બન્ને વાતો કરતાં કરતાં કાંત્યાં કરતાં.

ભેંસ ઠીક ઠીક દૂધ દેતી. પાર્વતી દૂધ જમાવતી અને સવારના પ્હોરમાં વલોણું કરતી. સવારે નાહ્યધોઈ તે ગામમાં જતી, છાશ વેચતી અને અઠવાડિયામાં એકવાર વણકરોના મહોલ્લામાં જઇ ઘી વેચી આવતી. આમ તે અઠવાડિયે બે રૂપિયા કમાતી. બીજે વરસે કરૂપ્પાણે કામ વધારવા માંડ્યું. "આ ખેતર તો ઘણું નાનું છે. આપણા બન્ને માટે આખા વરસ પૂરતું કામ નથી રહેતું. આપણે એક ગાડું લઇશું? તેમાંથી થોડું મળી રહેશે. બળદ પાસે પણ આખું વરસ કામ લેવાશે. આ આપણા રામનને જ જોને. એને અઠવાડિયે ગાડામાંથી બે ત્રણ રૂપિયા મળે છે અને કોઇ કોઇવાર તો ચાર પણ મળે છે. શા સારૂ તારા દૂધદહીં ઘીના પૈસામાં થોડું ઉમેરી એક ગાડું નહિ લઇએ? સાંભળ્યું છે કે વીરન ઉઠુમાલપેટ જવાનો છે. તેનું દેવું ચૂકવવા તે ખેતર વેચી દેવાનો છે અને તેનું ગાડું પણ વખતે સોંઘામાં આપે."

આ સાંભળી પાર્વતી બોલી ઉઠી: "ના. ના. આપણે તે વીરનનું ગાડું શા સારૂ લઇએ? તેથી આપણું શું ભલું થવાનું? અને શા સારૂ ઉધાર પૈસા લઇને ગાડું લેવું? આપણે અત્યારે શું ઓછાં સુખી છીએ?"

"જા, જા! વીરન તો દારૂડિયો છે તેથી તે ખુવાર થયો. તેથી તેના ગાડાને શું થયું? એ તો મજબુત ગાડું છે. આપણે વીસ રૂપિયા ઉછીતા લઇએ તો તે પાછા આપતાં કંઇ ભારે પડવાનું નથી." કરૂપ્પાણે તેને સમજાવ્યું.

"મારે તો મારા પૈસામાંથી સોનું લઇ તેની કંઠી કરાવવી છે."

"ગાંડી ન થા!" કરૂપ્પાણે કહ્યું. "તું તો આખા ગામમાં સૌથી રૂપાળી છે. ઘરેણાં પહેરીશ તો ઉલટું વરવું દેખાશે."

કરુપ્પાણુની વાત સાચી હતી. લોકો જે ઘરેણાં પહેરે છે તેનાથી તેના રૂપમાં કાંઇ વધારો થયો ન હોત.

"તમને પુરુષોને તો સ્ત્રીઓને શું જોઇએ તેની પરવા જ નહિ. શું સારૂં અને શું ખોટું તેની અમને સ્ત્રીઓને શી સમજ! પૂછો કાકાને અને તમને બધાને ઠીક લાગે તેમ કરો," પાર્વતીએ કહ્યું.

કરુપ્પાણુને ગાડું લેવાને ચારે પગે જોઇને 'કાકા'એ કરુપ્પાણુની ઇચ્છાનો વિરોધ ન કર્યો. અઠવાડિયું પૂરૂં થયું ન થયું ત્યાં તો કરુપ્પાણુ ખૂટતા ચાલિસ રૂપિયા મતાદારને ત્યાંથી લઈ આવ્યો અને ગાડું ખરીદ્યું.

૨

કરુપ્પાણુ તેના ગાડા સાથે ઘણીવાર બહાર જતો. કોઇ કોઈ વાર તે દિવસ અને રાત બહાર રહેતો, અને કોઇ વાર લાંબી ખેપે જવું પડતું તો તેથી એ વધારે સમય બહાર રહેતો. આ ખેપમાં તેનોપિતરાઇ રામન તેની સાથે રહેતો. વરસ પૂરૂં થયું તે પહેલાં તો તેના પિતરાઇએ તેને તાડીનો સ્વાદ ચખાડ્યો અને પછી તો દરેક ખેપમાં તે હોય જ. આમ કરુપ્પાણુને તાડીનો સ્વાદ લાગ્યો. ગાડાની આવક ઓછી થતી ગઈ અને બળદો પણ અધભૂખ્યા રહેવા લાગ્યા. પહેલી વાર કરુપ્પાણુ પીધેલો ઘેર આવ્યો ત્યારે પાર્વતીને સખત આઘાત થયો.

"સત્યાનાશ વાળ્યું !" તે બોલી ઊઠી.

"મૂંગી મર ! શું કાંઈ તું પૈસા આપે છે ?" કરુપ્પાણે કહ્યું.

"તમે આજે તાડી પીધી છે," પાર્વતીએ ગુસ્સામાં જવાબ આપ્યો.

"હા, હા, પીધી છે. કોંઈ તારા બાપના પૈસાની નથી પીધી ! અને પૂછનારી તું કોણ !" કરુપ્પાણે રોકડબંધ કહ્યું.

"ખબરદાર! ઘરમાં પગ મૂક્યો તો. તારા બાપને ત્યાં જા. મેં આજે રાંધ્યું નથી," પાર્વતીએ સાફ સાફ સંભળાવ્યું. સાચા તિરસ્કારને લીધે તેનો ચહેરો કદરૂપો લાગતો હતો.

"કાળું કર? તારૂં ધૂળ જેવું રાંધ્યું મારે નથી જોઈતું," કરૂપ્પાણે કહ્યું અને એક મારવું બાકી રાખ્યું. આમ ઘણી વખત થવા માંડયું અને કોઈ કોઈ વખત તો તે પાર્વતીને મારતો પણ ખરો. તે રડતી રડતી તેના નાના બાળકને લઈ જેઠાણીને ત્યાં ચાલી જતી અને ત્યાં કુટુંબનાં બધાં માણસો ભેગાં થઈ વિચાર કરતાં. વખત જતાં સ્થિતિ વધુ ને વધુ ખરાબ થતી ગઈ. બળદ ઘરડા થયા હતા અને ગેતરી ગયા હતા. કરૂપ્પાણે બાટમાં તે વેચી દીધા, અને નવી જોડ લેવા વિચાર કર્યો. પણ તેની પાસે પૂરતા પૈસા નહોતા. ફરી કોઈવાર દારૂની દુકાન ન જવાની શરતે પાર્વતીની દૂધ દહીં અને કાંતણની બચતમાંની જણસો તેની પાસે વેચાવી દીધી અને તેને આધારે તેની વિધવા બેન પાસેથી થોડા પૈસા ઉછીતા લીધા. તેણે નવા બળદ ખરીદ્યા. ત્રણ મહિના વીતી ગયા એટલે મતાદારે તેના માણસને કરૂપ્પાણને ત્યાં ઉઘરાણીએ મોકલ્યો. કરૂપ્પાણે થોડા દિવસની મુદત માગી અને તેણે આપી. એક વાર, બે વાર, ત્રણ વાર, પણ ચોથી વાર મતાદારનો માણસ આવ્યો અને એક બળદ લઈ ગયો.

કરૂપ્પાણ મતાદારને ત્યાં દોડી ગયો અને એક મહિનાની વધુ મુદત આપવા આજીજી કરી.

"દારૂડિયા! એક દિવસની પણ નહિ. મારા લેણા નીકળતા પૈસા ચૂકવ્યા સિવાય નવા બળદ લાવવાનું તને કોણે કહ્યું હતું?"

"તમે તો અમારા મુરબ્બી જેવા છો. થોડા વખતની મુદત આપો ને હું જરૂર તમારા પૈસા ભરી દઈશ," કરૂપ્પાણ કરગરી બોલ્યો.

"હું તો હવે એક દાંડા પણ રાહ નથી જોવાનો આ તારો બળદ શુક્રવારની બજારમાં મોકલવાનો છું, સમજ્યો?" મતાદાર બોલ્યો.

" બાદશા'બ, મને મારી ન નાંખો. હું કાંઇ ભીખારી નથી. મને મુદત આપો તો તમારી એક પાઇ પણ ખોટી થવાની નથી," કરૂપ્પાણે દલીલ કરી.

" ના, એમ નહિ બને, " મતાદારે કહ્યું.

" હું બ્યાજ આપીશ, " કરૂપ્પાણે જવાબ આપ્યો.

" બહાર નીકળ, મૂરખ, બ્યાજની વાત કરે છે! કાંધીઆ મુસલમાન પાસે જા, ઉછીતા લે અને મારા પૈસા ચૂકવી આપ. નહિ તો આવતી કાલે તારો બળદ પાણીના મૂલે વેચી દઇશ," મતાદાર બોલ્યો.

" કરૂપ્પાણ, બીજો કાંઇ ઉપાય નથી, " મતાદારના મુનીમે કહ્યું. "ખાદીર સાહેબ પાસે જા. તે કાંઇ રસ્તો બતાવશે. "

૩

કરૂપ્પાણ તેના વૃદ્ધ પિતા પાસે ગયો અને મોટા ભાઇને જોઇતા પૈસા આપવા સમજાવવા વિનંતિ કરી. તેનો ભાઇ તો તેને મદદ કરવા રાજી હતો પણ તેની સ્ત્રી તેને મદદ કરવા દે એમ નહોતું.

તેણે કહ્યું: " તમે જો પૈસા આપ્યા તો તે ગયા જ સમજજો. તેને કાન્તુ સાહેબ પાસે મોકલો ને? અત્યારે આપણે ભીડમાં છીએ. કોને ખબર કે આણ સાલ વરસાદ સારો જ થશે? પોર આ વખતે આપણે ભીડમાં આવી પડીએ ત્યારે આપણને કોણ મદદ કરવા આવવાનું છે જો?"

છેવટે કરૂપ્પાણ ખાદીરખાન પાસે ગયો. ગામનાં દરેક ઘરની, મતાદારની સુદ્ધાં, પૈસા સંબંધી સારીનરસી સ્થિતિ ઉપર બારીક ધ્યાન આપવાની તેને ટેવ હતી.

તેણે કહ્યું: " તને ખબર નથી. મતાદાર પણ હમણાં ભીડમાં છે. તેણે પણ મારી પાસે પૈસા માગ્યા હતા. "

" મોટા માણસની ભીડ તો ગમે તેમ ભાંગે. પણ મારો

બળદ જો લઇ જાય અને વેચી નાંખે તો પછી મારૂં શું થાય? મને અત્યારે તો મદદ કરો," કરૂપ્પાણે કહ્યું.

"પણ, ભાઇ, હું તને પૈસા તે ક્યાંથી લાવીને આપું? મારૂં રોકડ તો બધું મતાદારને આપવાનું મેં વચન આપ્યું છે," આદીરપ્પાને કહ્યું,

"પણ મારે હમણાં ચાલે એમ નથી. ગરીબ સામે તમારે જરા જોવું જોઇએ. એમાં મતાદારની વાત ક્યાં લાવો છો?"

ઘણું ઘણું કહ્યા અને કરગર્યા પછી તે કબુલ થયો. કરૂપ્પાણને રૂપિયા પિસ્તાલીસ આપ્યા અને રૂપિયા સાઠનું ખાતું પડાવી લીધું. આ રૂપિયા દર મહિને પાંચ-પાંચને હપ્તે બાર મહિનામાં પૂરા કરવાના હતા. આનું વ્યાજ આપવાનું નહોતું, પણ જે મહિને પાંચ રૂપિઆ ન ભરાય તે મહિને એક રૂપિયો ગુન્હેગારીનો ભરવાનો ઠરાવ્યો.

"કરૂપ્પાણ, તારા વિશ્વાસે છું હોં. મહેનત કર, પૈસા કમા અને નિયમિત હપ્તો ભર. દારૂ છોડી દે. તું ભલો માણસ છે. તારે બાયડી છે, છોકરૂં છે ને હજી વસ્તારી થશે. દારૂ પીશ તો પાયમાલ થઇશ."

"ખરી વાત છે, શેઠ. હવે તે ગોઝારી ચીજને કદી નહિ અડું. મને તો શીખવાનું મળ્યું. તમે મને અણીને વખતે મદદ કરી છે તે તમારો પાડ નહિ ભુલું."

કરૂપ્પાણ મતાદારનું લેણું ચૂકવી બળદ છોડાવી લાવ્યો. બાકીના પૈસા તેણે પાર્વતીને આપી દીધા.

પૈસા આપતાં આપતાં તેણે કહ્યું: "આમ જો, ફરી તાડી ન પીવાના મેં સોગંદ ખાધા છે. પાસે પૈસા પણ રાખવા નથી. લે, એનું તારે કરવું હોય તે કર. હવેથી જે પૈસા આવશે તે તને જ આપી દઇશ.

પાર્વતી તો ખુશ ખુશ થઇ ગઇ. સુખનાં દિવસો આવતા હોય એમ તેને લાગ્યું તે ઉલ્લાસ ભરી. આનંદથી હરખાતી પોતાને કામે ઉપડી ગઇ.

૪

હવે ખેતરમાં કાંઇ કામ રહ્યું ન હતું. પાર્વતીએ વિચાર્યું : "મારે કંઇ કામ મેળવવુંજ જોઇએ. એને માથે દેવું છે ત્યારે તો મારે કાંઇક મદદ કરવીજ જોઇએ." ઘરડો ખાદીરખાન તેના ઘરમાં, એક નવો ઓરડો વધારતો હતો એટલે તેને ત્યાં કડિયા મજૂરનું પુષ્કળ કામ હતું. ત્યાં કામ કરતી ત્રણ ચાર મજૂરણો સાથે તે કામે જોડાઇ

તે સહવારે વહેલી ઉઠતી, સાફસુફ કરતી, ભેંસ દહોતી, છાશ તાણતી અને દહીં ઘી વેચવા ગામમાં નીકળી પડતી. પોતાને ઝાઝી ખોટી ન કરવા તેણે દરેક ઘરાકને કહી મૂક્યું હતું અને તેઓ તેને ઝાઝી રોકતા નહિ. ઘેર આવી તે ખાઇ લેતી, છોકરાને ખવરાવતી અને પછી તેની જેઠાણીને સોંપી ખાદીરખાનને ત્યાં કામે ચાલી જતી. બપોરે તે પાછી ઘેર આવતી અને થોડો સમય મળતો તેમાં ટાઢી ઘેંસ પી લેતી અને છોકરાને ખવરાવતી. દિ' આથમે તે કામથી છુટી થતી અને ઘેર આવા સાંજનું ઘરકામ આટોપતી. આ બધું તે ઉમંગથી કરતી. કામ સખત તો હતું પણ રોજના ચાર આના મળતા. તેની ચાલુ સ્થિતિમાં આ રકમ ઘણી હતી.

'મારો ધણી હવે તો સુધરી ગયો' એ આશાથી પાર્વતી હરખાતી હતી. દારૂની દુકાને ન જવાનું વચન કરુપ્પાણે બે મહિના સુધી પાળ્યું પણ, પછી તે પાછો બગડયો. બચતના પૈસા પાછા ઉડી જવા લાગ્યા અને ભાડાની કમાણીના પૈસા પાર્વતીને મળતા તે પણ બંધ થયા. તે બહાર ગામ જતો, બે ત્રણ દિવસે પાછો આવતો અને સાથે બળદને માટે થોડો દાણોપાણી

કે ઘાસચારો લાવતો બાકીના પૈસા માટે તે કાંઇને કાંઇ જુદાં બહાનાં કાઢતો. થોડો વખત પછી તો આ બહાનાં યે બંધ થયાં, પાર્વતીએ પણ પૂછવાનું છોડી દીધું. પણ તેણે તો ઘર આગળ અને મજૂરીએ સખત કામ કરવું ચાલુજ રાખ્યું.

એક વખત ખાદીરખાન આવ્યો, હમાના પૈસાની તાકીદથી ઉઘરાણી કરી અને જરા ચકમક ઝરી પણ ખરી. કડિયા–મીસ્ત્રી સાથે કામ કરતી હોવાથી તે ગાળોથી તો ટેવાઈ ગઇ હતી પણ તેની જિંદગીમાં, આ પહેલીજ વખતે, ન સાંભળ્યા હોય એવા અપમાનજનક શબ્દો તેને સાંભળવા પડયા. તે ઘરમાં ગઇ અને પૈસા લાવીને ઉઘરાણી કરનાર તરફ ફેંકયા. કરૂપ્પાણ વખતો વખત એની પાસેથી પૈસા ઉપાડી જતો છતાં આટલા પૈસા તેણે બચાવી રાખ્યા હતા.

આખો દિવસ પાર્વતીએ રડયા કર્યું. બીજે દિવસે તેને શરીરે ઠીક ન હતું છતાં હમેશ મુજબ તે કામે ગઇ. પણ ઉઘરાણી કરનાર જે ભયંકર શબ્દો બોલ્યો હતો તે કેમે કર્યાં વિસરાતા નહોતા. તે પહેલાંના જેવા બહાદુર ઉલ્લાસભરી સ્ત્રી નહોતી રહી. કડિયા સાથે કામ કરતાં પુરૂષોના કઠોર અવાજથી તે કંપતી. નવાઇ જેવું લાગશે પણ જ્યારે તેનું મન નિડર અને સ્વસ્થ હતું ત્યારે પુરૂષોની વિષયી આંખો અગર ધ્યાન ખેંચાતું નહિ તેટલું હવે તેની ગભરામણમાં તેના તરફ ખેંચાવા માડયું. ખાદીરખાનનો દીકરો ચાલુ કામ ઉપર દેખરેખ રાખતો હતો. તેની નજર અને તેના શબ્દોથી તે ઘણી ગભરાઇ જતી.

પાર્વતીએ જ્યારથી આ કડિયાકામે જવા માંડયું ત્યારથી તેના બાળકની બરાબર સંભાળ લેવાતી ન હતી. તે બાપડું માંદુ પડયું અને એક દિવસ તો શરદી અને ઉધરસ સાથે તેને ખૂબ તાવ આવ્યો. અઠવાડિયાની પીડા અને વેદના ભોગવી તે બિચારૂં મરી ગયું.

કરૂપ્પાણ સ્ત્રીની માફક રડયો. તેના વૃદ્ધ બાપે તેને સાન્ત્વન આપતાં કહ્યું. “બેટા, રડ મા. જેણે આપ્યું તેણે લઇ લીધું.”

"કાકા, ઇશ્વરે મારા ઉપર આટલું દુઃખ શાને મોકલ્યું? મેં તો કોઇનું કાંઇ બગાડયું એ નથી," પાર્વતીએ કરૂણ રૂદન કરતાં કહ્યું.

"બેટા, ગાંડી ન થા. રડ મા. હજી તો તું જુવાન છે. કાલે સવારે ભગવાન બીજાં છોકરાં આપશે. કુંભારનાં ઘડયાં હોય એટલાં બધાં કાંઇ પાકે નહિ. એમાં શોક કર્યે શું કામ આવે?" ડોસાએ આશ્વાસન આપ્યું.

"કાકા, હવે મારે બીજાં છોકરાં નથી જોઇતાં. હું મારા સુખદુઃખથી ધરાઇ ગઇ છું. હવે તો ભગવાન મોત આપે તો સારૂં."

વૃદ્ધ ડોસા હસી પડયા અને કહ્યું: "તારા ધણીને કહે કે તે હવે પીઠામાં ન જાય અને પૈસો બગાડે નહિ. આટલું કરશો તો આ દુઃખ ભૂલી જશો, છોકરાંયે થશે અને સુખી થશો."

"બાપા, હવે હું તે ઝેરને કદીયે નહિ અડકું. એમ કરૂં તો મારા જીવના સમ," કરૂપાએ સોગંદ ખાધા.

૫

બિચારી પાર્વતીના દુઃખનો હજીયે પાર નો'તો આવ્યો. કરૂપાણના સોગંદ તો બીજાજ શુક્રવારે તે રામપુરમના પીઠા આગળથી નીકળ્યો ત્યારેજ ભૂલાઇ ગયા. ઘણો વખત થયાં તેણે તાડી છોડી મહુડાનો રસ લેવા માંડયો હતો. એક વખતે તે રૂની ગાંસડી લઇને તિરૂપુર ગયો હતો. ત્યાંથી પાછા વળતાં બીજા ગાડીવાળા સાથે તે પીઠા આગળ અટકયો અને પોતાના સાથીઓને બૂમ પાડીને કહ્યું: "એલા એ! ચાલો કોને આવવું છે? હું તો તેને અડકવાનો નથી. મને તેની પરવા પણ નથી."

"તારે તેની પરવા નથી તો પૈસા ગાંઠે બાંધીને ચાલતો થા. બીજાઓ આગળ ડંફાશ શા સારૂ મારે છે?" કુદકો મારી નીચે ઉતરી પીઠામાં પેસતાં એક ગાડાવાળાએ કહ્યું.

કરૂપ્પાણુ થોડો વખત તો થોભ્યો પણ પછી અંદર ગયો. "બસ, આ છેલ્લી જ વખત" એમ કહેતોકને તે દાખલ થયો.

બીજા શુક્રવારે પણ આમજ બન્યું. "બે ઘડી માંડ નચિંત થવાનું બને તો શા માટે જતું કરવું ?" તેણે તેના સાથીને કહ્યું.

"જહાન્નામમાં જા. આપણે કમાયા છીએ અને આપણે ખરચવાના છીએ. આપણને કોણ ના પાડનાર છે ?" બીજાએ કહ્યું.

એટલે ત્રીજાએ ટાપસી પૂરી : "ખરૂં છે. આ જગત તો નાશવંત છે. કાલ કોણે દીઠી છે ? લક્ષ્મી કોની થઇ છે કે આપણી થશે ? એ નથી તારી કે મારી."

ચોથો ધીમેથી બોલ્યો : "અરે ના રે ! એતો પીઠાવાળાની છે" અને બધા હસ્યા.

"મૂર્ખાઓ ' એક જણ બરાડી ઉઠયો: "તમે તો મોટા પંડિત જેવી વાતો કરો છો. આ દારૂ કેવો બધું બાળીને બસમ કરતો અંદર જાય છે !"

"મુઆ આ રૂના વેપારી !" કરૂપ્પાણે કહ્યું. "એ લુચ્ચાઓ આપણને ભાડામાં છેતરે છે. હાં."

આમને આમ અંધારૂં થતાં સુધી ચાલ્યા કર્યું. અને પછી તેઓ ગાડે પાછા ગયા.

ખાદીરખાનને ઉઘરાણીએ આવવાનો હવે વખત થયો હતો. તે આવે તે પહેલાં તેને ઘેર જઇ પૈસા આપી આવવા પાર્વતી તેને સમજાવતી હતી,

"મરશે ! તેને અહીં આવવા તો દે. અહીં આવીને કાંઇ એલફેલ બોલશે તો તેનું માથું જ ભાંગી નાંખીશ," કરુપ્પાણે કહ્યું.

પણ મુસલમાન ઘણા દિવસ સુધી આવ્યો જ નહિ કદાચ તે બીજાં કામોમાં રોકાયો હશે, અને કરૂપ્પાણુ આ વાત તરતજ ભૂલી ગયો.

એક દિવસ સવારે ખાદારખાનનો દીકરો ઇસ્માઇલ આવ્યો. તેણે તો પૈસા માગવાને બદલે લાલ મરીના થોડા કોથળા રામપુરમ લઇ જવા કરૂપ્પાણને કહ્યું

'મારે તો કોમારા કોંદનનું ઘાસ ભરી જવાનું છે. એક અહવાડિયાથી મેં બોલી કરી છે.

"તેનું કાંઇ નહિ, કરૂપ્પા. તેનું ઘાસ બે દિવસ રહીને જશે. મારા કોથળા તો તારે લઇ જ જવા પડશે. આજે જો તે નહિ જાય, તો અમારા સોદામાં અમને ખોટ જાય એમ છે."

તે હમાના પૈસા માગવાનું તો ભૂલી જ ગયો એ ખ્યાલથી ઘણું સમજાવ્યા લછી તે જવા કબુલ થયો.

સાંજરે, કરૂપ્પાણ હજી આવ્યો નહતો અને પાર્વતી એકલી ઘરમાં રાંધતી હતી ત્યારે ઇસ્માઇલખાન ફરી આવ્યો.

"કેમ કરૂપ્પાણ આવ્યો ?" બહાર રહ્યા રહ્યા તેણે પૂછયું.

"ના, હજી નથી આવ્યા," પાર્વતીએ જવાબ આપ્યો.

"હે...હે...અત્યારમાં ક્યાંથી આવે ? અને વળી રસ્તામાં પીઠું છે," ઘરમાં દાખલ થતાં થતાં ઇસ્માઇલ બોલ્યો.

"હં. અમારૂં વેરાંનું સત્યાનાશ વાળવા ત્યાં પીઠું છે જ સ્તો," પાર્વતીએ જવાબ આપ્યો.

ઇસ્માઇલ વગર કહ્યે ત્યાં બેઠો, અને કરૂપ્પાણ પાછો આવે તેની રાહ જાતો તે બેઠો છે એમ ધારી પાર્વતીએ કામ કર્યા કર્યું. ઇસ્માઇલે વાતચીતની શરૂઆત કરી.

"સાચું કહેજે, આ તારા ધણીથી તુ કાંઇ ગઇ નથી ?"

"જેની સાથે પાનાં પડયાં તેનાથી કંટાળ્યે કેમ પાલવે ?" તેના સામુ ફરીને જોયા સિવાય કામ કરતાં કરતાં તેણે જવાબ આપ્યો.

"હાસ્તો. ધણી એટલે ધણી. એને કાંઇ છોડયો છોડાય છે ?" ઇસ્માઇલે તેને તેની અડચણો પુછવા માંડી અને વાતવાતમાં

ઇશ્વરઉધરની ઘણી યે વાતો કરી. થોડા વખત પછી કરૂપ્પાણની રાહ જોયા સિવાય તે ચાલ્યો ગયો.

બીજા દિવસે પણ ઇસ્માઇલ આવ્યો, કરૂપ્પાણને ટાંપે મોકલ્યો અને બપોરે લટાર મારતો પાછો આવી ચડ્યો. તેની સાથે તે થોડી મીઠાઈ લાવ્યો હતો. 'મારે તો એ મફતમાં જ આવી છે, ' એમ કહીને પાર્વતીને તે પરાણે આપી.

"હું તને જોઉં છું ત્યારે મને જાણે ખૂબ આનંદ થાય છે, " તે બોલ્યો.

" ભગવાન જાણે આ વળી શું થવા બેઠું છે," પાર્વતી મનમાં બોલી.

"હું આવું છું ત્યારે તું ધ્રુજે છે શા માટે ? શું તું એમ માને છે કે હું પેલા પૈસા માટે તને હેરાન કરીશ? તું જો મારી સાથે માત્ર વાતચીત કરશે તો મને એ પૈસાની જરા યે પરવા નથી," ઇસ્માઇલે કહ્યું.

આ વાતને લંબાવવાની કાંઇ જરૂર છે ? ઘણા દિવસ તો પાર્વતી એ સેતાન સામે ટક્કર ઝીલી પણ આખરે તે પડી. ગરીબી અને લાચારીને લીધે સ્ત્રી અંતે ક્રૂર, વિષયી માણસની જાળમાં ફસાય છે.

૬

કિરમ્બુરની તાડીની દુકાન છે. અંત્યજોને દારૂ આપવાના બાકોરા આગળ અંત્યજોનું એક ટોળું ઘોંઘાટ કરતું હતું. અંદરનો ભાગ અતિશય ગંદો હતો. કચરો અને માખીઓ અને વાસી તાડીની દુર્ગંધથી જાણે એ નરક થઇ ગયું હતું. ત્યાં દારૂડિયાનાં કેટલાંયે ટોળાં અંદર બાઝતા હતાં.

"સૂવર ! ફરી જો બોલ્યો તો તો તારા દાંત જ પાડી નાંખીશ, " કરૂપ્પાણે કહ્યું.

"દાંત પાડી નાંખવાવાળો નહિ દીઠો હોય તો. એની હિંમત તો જુઓ, બાયડીને તો વશ રાખી શકતો નથી ! "

ધડ દઇને કરૂપ્પાણે એના મોં ઉપર પ્યાલાનો ઘા કર્યો અને તેના નાકેથી લોહી વહેવા માંડયું.

"મૂર્ખાઓ! બૈરાં તો એવાંજ હોય. બૈરાંની તકરારમાં આવી મઝાની તાડી કાં ઢોળી નાખો છો? બીજાએ મોટેથી કહ્યું."

"અરે! રામન મરી ગયા," ચોથાએ ઉઠતાં અને કરૂપ્પાણ સાથે લડતા માણસના નાકે અને મોંએ લાગેલું લોહી લૂછી નાંખતાં કહ્યું. તેને મફેજ ઇજા થયેલી હતી. તે ઊઠીને ઊભો થયો અને પાસે પડેલી ઇંટ કરૂપ્પાણ તરફ જોસથી ફેંકી. ડોકું નીચું નમાવી દઇ કરૂપ્પાણે ઘા ચૂકાવ્યો.

કલાલે તેની જગ્યાએ રહીને બૂમ પાડી કે દુકાનની અંદર મારામારી ન કરો.

કરૂપ્પાણ ત્યાંથી ભાગ્યો. તેનો દુસ્મન તેની પાછળ દોડયો પણ બારણામાંજ ઠોકર વાગતાં તે ધબ દઇને પડયો. કરૂપ્પાણ તેના ગાડા આગળ ગયો અને મોટેથી ગાળો ભાંડતાં ભાંડતાં ગાડું હાંકી મૂકયું,

હંમેશ કરતાં વહેલો તે ઘેર આવી પહોંચ્યો અને જોયું તો બારણાં અંદરથી બંધ.

"એ અલી! બારણાં અંદરથી બંધ કરીને કરે છે શું? આ હું કયારનો ઊભો છું ને? ચાલ, ઉઘાડ બારણાં અને બળદને પાવા લઈ જા," કરૂપ્પાણે બહારથી બૂમ પાડી.

અંદર પગનું હલનચલન થઇ રહ્યું, થોડો વિલંબ પણ થયો અને કરૂપ્પાણે બહાર બૂમ પાડ્યા જ કરી.

બારણું ઉઘાડી પાર્વતી બહાર આવી. કરૂપ્પાણ સામે ઉભા રહીને તેણે કહ્યું: "જરા આવોને, આ ભેંસ તો જુઓ. કોણ જાણે શું થયું છે, આખો દિવસ, બસ લાતો જ મારે છે અને દોહવા દેતી નથી." પાર્વતીએ ઘરના પાછળના વાડામાં તેને લઇ જવા યત્ન કર્યો.

"મુઇ તારી ભેંસ! ક્યારનો તરસ્યો થયો છું. પાણી આપ એમ કહી તે ઘરમાં ગયો-

ઇસ્માઇલ અંદર હતો તે દિવાલ આગળથી બહાર છટકવાનો યત્ન કરતો હતો.

આ તરકડાને ઘરમાં કેમ ઘાલ્યો છે? રાંડ, કુલટા!" કરૂપ્પાણે રાડ પાડીને કહ્યું.

પાસેજ એક કોદાળી પડી હતી તે લઇ તેણે તેની સ્ત્રી તરફ ફેંકી. પછી બાજુએ પડેલુ ધારિયું ઉંચું ઉગામીને નાસતા ઇસ્માઇલ ઉપર જોરથી માર્યું. તે નીચે પડ્યો અને પુષ્કળ લોહી નીકળવા લાગ્યું. પછી તે તેના ભાઇની ઝુંપડી તરફ દોડી જતી પાર્વતી પાછળ દોડ્યો. તે પાછળ તો પડ્યો પણ આ અવાજ સાંભળી દોડી આવેલા પાડોશીઓને જોઇ તે ખંચાયો. તેણે પડેલા ઇસ્માઇલ તરફ પાછું ફરીને જોયું અને તેને હાલતો જોઇને, બૂમો પાડતો, તેને પૂરો કરવા ધસ્યો. ભેગા થઇ ગયેલા લોકોએ તેને ઝાલી રાખ્યો.

૭

રામપુરમની પોલિસ ચોકી છે. કરૂપ્પાણ અને પાર્વતીને જુદી જુદી ઓરડીમાં રાખ્યાં છે. બધા સિપાઇઓ પાર્વતીની ઓરડી આગળ કાંઇ કાંઇ બહાને આંટા મારતા અને તેના તરફ સ્મિત કરવાનો યત્ન કરતા. જેને જેને તેની સાથે વાત કરવાની તક મળતી તે મીઠાશથી વાત કરતો. પણ પાર્વતી તો અકલ્પ્ય મુઝવણ અને ચિંતામાં ગરકાવ હતી. પહેલીજ વખત પકડાઇને પાંજરામાં પૂરાયેલા જંગલી પશુની લાગણીનો સાચો ખ્યાલ આવી શકતો હોય, તો જ કાયદા અને પોલિસના પંઝામાં સપડાયેલી એક ખેડૂત સ્ત્રીના સંકટનું યથાર્થ ભાન થાય.

"તમે સાચેસાચી વાત કબુલ કરી લો તેમાં તમને ફાયદો છે," ફોઝદારે કહ્યું. "પછી શું કરવું તે અમે જોઇ લઇશું."

"પણ સંતાડવાનું છે શું?" કરૂપાણે કહ્યું. "હું કાંઇ જાણતો જ નથી. હું તો કુરૂમાન્દૂરથી શુકરવારે પાછો ફર્યો."

"ભલા માણસ! તેમાં કાંઈ નહિ વળે. તારી વહુએ બધી વાત કહી દીધી છે."

"રાંડ! કુલટા! આ બધાનું મૂળ તો એ છે!"

"હા, ખરેખર, સૈરાં જ ઝઘડાનું મૂળ હોય છે. હવે બધું કહી દે બીશ નહિ."

"મારે શું કહેવાનું છે? તમે કહો છો ને કે એણે બધું કહી દીધું છે."

"હા, હા, પણ તારે ય કહેવું જોઇએ. નહિ તો સાત વરસ સમજી લેજે, હરામખોર!"

"સાત વરસ તો સાત વરસ! હું કાંઇ નથી કહેવાનો."

એટલે પોલિસનાયક બોલ્યોઃ તમે આમ નરમ નરમ શબ્દો બોલો ત્યાં સુધી આ વેલાલાની જાત આમ જ કહેવાની. એ તો આ—(કબુલાત કઢાવવાના ઉપાયનો ન કહી શકાય એવો ઉલ્લેખ કર્યો) કરશો એટલે ઠેકાણે આવશે.

"સાચું," ફોઝદારે કહ્યું. "તમે એની લંબાણપુર્વકની તપાસ પાછળથી કરજો." 'તપાસ' શબ્દ એ ખાસ સૂચક રીતે બોલ્યો.

તેઓ પાર્વતીને પણ પુછી પુછીને પજવતા હતા.

"બાઇ," પોલિસનાયક બોલ્યો. "તું નિર્દોષ દેખાય છે. ખાદીરખાન અને તેનો દીકરો તારે ત્યાં ગુરૂવારે સાંજે આવ્યા હતા, નહિ?"

"બાપદીકરો? ના." તેણે જવાબ આપ્યો.

"હાં, ઇસ્માઇલ એકલો આવ્યો હતો?" પાસે ઊભેલા સિપાઇઓને આંખની સંજ્ઞા કરતાં નાયકે પુછ્યું.

"સાહેબ, એમ પુછો નહિ. મારે ત્યાં મુસલમાન શા સારૂ આવે? સૈરાં માણસને આવી બે શરમ વાત પુછો નહિ. મને શેર

જવા દો. મારા કાકા અને સાસુ ત્યાં છે. તમે તેમને પુછીને જાણી લ્યો."

"ઘેરે તો રહેને રહેતે જવાશે. હજી વાર છે, સમજી ! તું સાચું નહિ કહે ત્યાં સુધી નહિ જવાય."

"અરે ભગવાન !" પાર્વતી બોલી ઉઠી.

"આમ નરમ સવાલોથી તે નહિ બોલે," નાયક બોલ્યો.

તે ચકોર છે. કંઇક બેવકુફોને એણે પાયમાલ કર્યા હશે."

"અરે, સાહેબ, તમને પણ વહુ દીકરીઓ છે. દયા રાખો," પાર્વતીએ કહ્યું.

"સળિયા ઊના કરી લાવો," નાયકે હુકમ કર્યો.

"ઓ સ્વામી, મારા ધણીને પૂછો. તે તમને બધું કહેશે. મારા જેવી અભાગણીને નાહકના શાને દુઃખ દો છો ?"

"હં, તારા ધણીને પણ પૂછીશું. અમે તેને પૂછ્યું છે અને તેણે બધું કહી પણ દીધું છે. એ તો તું જ સંતાડે છે," ફોઝદારે કહ્યું.

"તેણે તેમને કહ્યું છે?" પાર્વતીએ દુઃખથી પૂછ્યું.

"હા, અને આ બધાનું કારણ તું છે એમ તેણે તો કહ્યું છે."

"અરે ભગવાન !" હાથ ઘસતાં પાર્વતી બોલી અને જમીન પર ચત્તી પડી ગઇ.

"રડવાથી કાંઇ વળવાનું નથી," પોલિસનાયકે કહ્યું.

"આ ધાથી કાંઈ અમે છેતરાઈ જવાના નથી. તું તો બરાબર પાવરધી થયેલી લાગે છે. કેટલાક મૂર્ખોનું સત્યાનાશ વાળ્યું છે ?"

"અરે ભગવાન! એવી વાત ન કરો, મારા બાઇ. તે આવ્યો અને તેના હપ્તાની ઉઘરાણી કરી."

"હં. હવે રસ્તે આવો. સાહેબ, મેં નો' તું કહ્યું" પોલિસ નાયક ફોજદાર તરફ ફરીને બોલ્યો.

"માત્ર તું જો સાચું બોલશે તો તને છોડી મૂકીશું. બેરાંને કોણ જેલમાં પુરવાનું હતું? તારો ધણી પણ થોડામાં છૂટી જશે. અમે એટલું કરશું."

"આજ મને ઘેર જવા દો. કાલે બધું કહીશ."

"સારૂ." ફોજદારે કહ્યું. "એ કહેશે એમ લાગે છે."

"એકવાર ઘેર ગઈ પછી સાચું નહિ કહે," નાયકે કહ્યું.

"પણ આપણે એને રાત્રે થાણામાં નહિ રાખી શકીએ. આપણે એને કેદ નથી કરી." ફોજદારે એકબાજુ જોઇને કહ્યું.

"ઠીક, સાહેબ! આપણે એને રાતે બંદોબસ્તથી ઘેર પહોંચાડવી પડશે, અને કાલે સવારે અહીં પાછી હાજર કરવી પડશે"

૮

કરૂપ્પાણના પિતાએ તેના મોટા દીકરાને વકીલ કરવા સમજાવ્યો. ખર્ચને પહોંચી વળવા તેમણે તેનું ગાડું વેચી દીધું અને તે પૈસા ખરચાઈ ગયા ત્યારે પાસેના ગામના તેમના એક સગાને ત્યાં ભેંસ ગીરો મૂકી બીજા પૈસા ઉપાડયા. આ બધા દુ:ખના મૂળ તરીકે બધા પાર્વતી પર શાપ વરસાવતા હતા.

ગુન્હાને દિવસે કરૂપ્પાણ ઘેર નહોતો પણ કુરૂમાંડુર હતો. એની જુબાની લેવરાવ્યા પછી તેના વકીલે કરૂપ્પાણના બચાવમાં, તેના સર્વ સંબંધીઓને સંતોષ થાય એમ, ત્રણ કલાક સુધી મેજીસ્ટ્રેટ આગળ ભાષણ કર્યું.

ખાદીરખાને કસમ ખાઇને જણાવ્યું કે એ અને એનો દીકરો કરૂપ્પાણને ઘેર ગયા હતા, અને પૈસાની ઉઘરાણી કરી હતી. આથી કરૂપ્પાણ ગુસ્સામાં આવીને એલફેલ ગાળો દેવા મંડયો મેં તેને સમજાવ્યો અને પૈસા ચૂકવી દેવા કહ્યું. એટલે કરૂપ્પાણે ધારિયું લઈ મારા ઉપર હુમલો કર્યો. હું તો મુશ્કેલીએ બચી ગયો

પણ આ મારો દીકરો વચ્ચે પડયો તેને સખત વાગ્યું અને નસીબના જોરે એ બચી ગયો, નહિ તો ત્યાં જ પુરો થઈ જાત. ઘા માથા ઉપર ન પડયો પણ જમણો કાન વાઢીને ચાલ્યો ગયો.

કોર્ટમાં પાર્વતીની જુબાની લેવાઇ, તેણે તો બધામાં નકાર ભણ્યો વકીલે તેને નકાર ભણવાની સલાહ આપી હતી તેણે કહ્યું કે અગાઉ મેં જે પોલિસ આગળ જુબાની આપેલી તે મારની બીકે આપેલી હતી. મેજીસ્ટ્રેટે કેસ સેશન્સ કમિટ કર્યો.

હવે બળદો પણ વેચી નાંખવામાં આવ્યા, સેશન્સ માટે વકીલ કરવામાં આવ્યો. કેસની રાહ જોતી પાર્વતી તેને પિયેર ભાઇને ત્યાં ગઈ.

પાર્વતીનો ભાઈ ગરીબ હતો અને મહા મુશ્કેલીએ પોતાનું પુરૂં કરતો. તેની સ્ત્રી નણંદ પાર્વતી તરફ સખ્તાઇથી વર્તતી. પાર્વતી જ્યારે તેના આંગણામાં રડતી કકળતી આવી અને તેના ભાઇ સાથે વાત કરતી હતી ત્યારે નણદ઼ઇએ કહ્યું : "ઉખંડલ જેરાં માટે આ ઘર નથી. અમે તો ભોળાં ભલાં ગરીબ માણસ છીએ." બારણાં વાસી તે તો ખેતરે ચાલી ગઈ

"બેન, કોઠમાં જા, છાણ લઈ લે અને ખેતરે લઇ જા," ભાઇએ કહ્યું.

પાર્વતી બને તેટલી ઉપયોગમાં આવવા યત્ન કરતી હતી અને સખત મહેનત કરી ખાવા જેટલું કમાતી, પણ તેની ભાભી નિર્દય હતી. તે તેનું ફાવે તેમ અપમાન કરતી અને તેને કનડતી. પાર્વતીએ આ બધું મૂગે મોંએ સહન કરી લીધું.

એક દિવસ ફરીથી સિપાઈ આવ્યો અને કેસ ચાલવાનો હોવાથી પાર્વતીને પોતાના સાથે વડી કોર્ટે આવવા જણાવ્યું. પાર્વતીને આ પણ રાહત જેવું લાગ્યું. આ મોટા થોભિયાવાળો મુસલમાન પોલિસ દયાળુ હતો. તે તેનું અપમાન કરતો ન હતો પણ બાપની જેમ બોલતો હતો.

મેંણુ રસ્તે ચાલતાં ચાલતાં પાર્વતીને કહ્યું: "જે બન્યું હોય તે સાચેસાચું કહી દેજે. એ બિચારા પર જજ સાહેબ કદાચ દયા કરે."

"મારાથી એવી શરમની વાત કેમ કરીને કહેવાય?" પાર્વતીએ કહ્યું.

"એમાં શરમાવાનું શાનું? એવાં કામ તો ઘણાં યે કરે છે. માણુસ છે, કોઈ વાર ભૂલ પણ થઇ જાય, ખુદા આપણને સંભાળે છે પણ કોક વાર તે આપણને ખરાબ પણ થવા દે છે. એ તો તેની મરજીની વાત છે."

"તમે મને બધી વાત કહી દેવા સલાહ આપો છો?" પાર્વતીએ ફરીથી પુછ્યું. "તો તો મને ન્યાતબહાર મૂકશે. મારો ધણી મને પાછો સંઘરશે નહિ. પછી હું શું કરીશ!"

"જો નહિ કહે તો તારા ધણીને છ વરસની જેલ મળશે. અને તું સાચું બોલશે તો છ માસમાં પણ છૂટી જાય. આવું જ પહેલાં એક વાર બન્યું હતું. તું હમણાં તેને મદદ કરશે તો તે તારો અહેશાન માનશે. ન્યાતમાં રહેવા માટે તો કાંઈ વિધિ કરી લેવી. ગમે તેમ, સાચું કહી દેવું એ જ સહીસલામત રસ્તો છે."

પાર્વતી કાંઇ બોલી નહિ. સાચું બોલવું એમ તેને મનમાં થયું, પણ તરતજ બીકમાં અને ગભરામણમાં તે વિચાર દબાઇ ગયો.

છરોડથી તેઓ ગાડીમાં બેઠા. પાર્વતીની આ પહેલી જ રેલમુસાફરી હતી. સ્ટેશન ઉપરનાં માણસોનાં ટોળેટોળાં અને ગાડીની હેરત પમાડે એવી ગતિ: એ જાણે તેના જીવનની કરૂણતામાં વધારો કરતાં હતાં. ગાડી જરા વધુ ગતિમાં આવી કે તરત જ એક જુવાન ખૂબસુરત છોકરો કયાંકથી ડબામાં આવ્યો અને ગાવા મંડયો. તે આંધળો હતો. તેની પાસે ગાવામાં મદદ કરતો બીજો એક ચીંથરેહાલ છોકરો ઉભો હતો.

"હરામખોરો! અત્યારસુધી ક્યાં સંતાઈ રહ્યા હતા?" સિપાઇએ કહ્યું. ગાયન બંધ કર્યા સિવાય તેઓ હસતા હતા. તેઓ મધુર રીતે ગાતા હતા, કુશળ ગવૈયા કરતાંએ સુંદર. આ ભીખારીના છોકરા ક્યાં અને કેવી રીતે ગાતાં શીખે છે એ એક ભેદી કોયડો છે. ગાયન પૂરૂં થતાં આંધળા છોકરાએ હાથ લંબાવ્યો અને તેનો સાથી તેને દોરી ગયો. ડબ્બામાંના દરેક માણસે, જાણે એ એક રીતસર કર હોય તેમ, એક એક પૈસો આપ્યો. પાર્વતીએ પણ લુગડાની કોરની ગાંઠ છોડી પૈસો આપ્યો. આખો દિવસ એ ગાયનના ભણકાર તેના કાનમાં વાગ્યા કર્યા. ગાયન અલૌકિક હતું અને તેને આખું સમજાયું પણ નહોતું, પણ તેની એક કડી, પેલા આંધળા છોકરા અને તેના સાથીના સૂરમાં, તેના મગજમાં ફરી ફરીને આવ્યા કરતી:

સમાજની ચોરીછુપીથી આ મેં કેવું પાપ કર્યું?
મારા બંધુઓ મારો સત્કાર કરશે?
મારી મા મારો તિરસ્કાર કરશે?

૯

સાલેમમાં પાર્વતી માટે હલકી વીસીમાં ખાવાનો બંદોબસ્ત કર્યો. પોલિસ તેને ત્યાં લઇ ગયો અને તેને માટે 'અર્ધાભાણા' નો હુકમ આપ્યો. વીસીવાળી બાઇએ પાર્વતીને શા માટે સાલેમ આવી હતી તે પૂછ્યું. "તેમણે મને કોર્ટમાં પકડી આણી છે," એમ તેણે જવાબ આપ્યો. એટલે ત્યાં ખુબ માણસો ભેગાં મળ્યાં અને ત્યાં મોટું ટોળું એકઠું થઇ ગયું. આ બધી સ્ત્રીઓને ચાના બગિચા માટે સિલોન લઈ જવામાં આવનાર હતી.

આગલે અઠવાડિયે શરૂ થયેલો ખુનનો કેસ હજી ચાલતો હોવાથી તે દિવસે કેસ ન ચાલ્યો. કરૂપ્પાણનો કેસ ચાલ્યો ત્યારે પણ પાર્વતીને બોલાવી નહિ કારણકે સરકારી વકીલે તે વિરૂદ્ધ પક્ષની છે એમ જણાવ્યું હતું; એટલે કરૂપ્પાણના વકીલે કહ્યું કે

પોતે તેને બોલાવવા ઇચ્છતો હતો અને તેથી તેને રોકવા કોર્ટને માગણી કરી. સાંજે કરૂપ્પાણનો ભાઇ તેને વકીલ પાસે લઇ આવ્યો. રસ્તે મુસલમાન સિપાઇએ તેને જે વાત કહી હતી તે જ વાત વકીલે પણ કહી.

તે તેના ધણીને બચાવવા ઇચ્છતી તો હતી પણ તેનું પાપ કબુલ કરતાં તેને ધ્રૂજારી આવતી હતી.

આખરે પાર્વતીએ કહ્યું: "ભગવાન જેમ કહેવડાવશે તેમ કહીશ."

"કુલટા!" કરૂપ્પાણનો ભાઇ બોલ્યો. "જુઓને, વળી ભગવાનની વાત કરે છે! ખાસડે ને ખાસડે તાલજ પાડી નાંખવી જોઇએ."

"ત્યારે તમે કહેવડાવશો તેમ કહીશ. એક બાઇ માણસ બીજું શું કરે!" તેણે તેના જેઠને કહ્યું.

વકીલને તો આજ જોઇતું હતું. તેણે બધાને જતા રહેવા કહ્યું અને કરૂપ્પાણના ભાઇ સાથે મસલત કરી.

બીજે દિવસે કોર્ટના હૉલ પાસે એક ઝાડની નીચે બીજાઓ સાથે રાહ જોતી ક્યારની યે તે બેઠી હતી. એટલામાં તેનું નામ મોટેથી બોલાયું અને તે સફાળી ઊભી થઇ, તેને પાંજરામાં લઇ ગયા, તેણે આસપાસ જે જોયું તેથી તે ઉંગતાઇ ગઇ. હૉલના પશ્ચિમના ખુણા તરફ નજર પડતાં જ, તેની આંખ તેના ધણીની સ્થિર દૃષ્ટિ સાથે મળી. તે સળિયા પાછળ જંગલી જાનવરની માફક ઊભો હતો. તેની દાઢી અને વાળ એટલા વધી ગયા હતા કે તે ભાગ્યેજ ઓળખાય. એક ગરીબ ખેડૂતને સાચા ખુની જેવા દેખાવા માટે બે મહિનાની જેલ પુરતી છે.

"આ બધું મારે લીધેજ;" પાર્વતીને મનમાં વિચાર આવ્યો. તેને અપાર વેદના થવા લાગી. પાંજરામાંના સળિયાના આધારે તે માંડ માંડ સ્થિર ઊભી રહી શકી. જ્યારે કારકુન અચાનક બોલી

ઊઠયો: "સોગંદ ખા" ત્યારે તો તેનું માથું પણ ભમવા માંડયું.

"સોગંદ લ્યો."

"ઇશ્વરને હાજર જાણી જે કહીશ તે સાચું કહીશ; હું તે સાંજે રાંધતી હતી......" પુછવાની રાહ જોયા સિવાય પાર્વતીએ બોલવા માંડયું

"ઊભી રહે," ગુસ્સાથી કારકુન ફરી બોલી ઊઠયો.

"તે તેનો પાઠ બરાબર ભણી ગઇ લાગે છે," ન્યાયાધીશે સરકારી વકીલ તરફ જોઇને કહ્યું.

"એ કયાં લગી ટકવાનું હતું?"

આ જવાબથી ત્યાં ખુબ હસાહસ થઇ રહી. સરકારી વકીલ ખુબ મોટેથી હસ્યો અને બીજા વકીલો પણ જરા ધીમા અવાજે તેમાં ભળ્યાં. બચાવ પક્ષનો વકીલે ધીમેથી હસ્યો.

"હું કહું એમ કહે," કારકુને સખ્તાઇથી કહ્યું. પાર્વતીને નવાઇ લાગી કે તેને તેના વકીલે તથા જોકે જે બોલવાનું કહ્યું હતું તે ન કહેતાં તેને બદલે આ કારકુન જે કહે તે બોલવાનું છે કે શું? પાર્વતીએ સોગંદ ખાધા અને પછી પ્રશ્નો પૂછવાનું કામ શરૂ થયું. તેઓ તેને વિચિત્ર અને કૃત્રિમ રીતે જે સવાલો પૂછતા તે તેને દર વખતે બરાબર સમજાતા નહતા. તેણે કહ્યું: "ઇસ્માઇલ આવ્યો ત્યારે હું રાંધતી હતી. તેણે ખોટી વાત કરી. હું તેથી ચમકી ગઇ મેં એનું કહ્યું માન્યું ન હતું એટલામાં મારો ધણી આવ્યો અને ગુસ્સામાં આવી જઇને તેણે મારા તરફ કોદાળી ફેંકી હું બીકથી નાસી ગઇ, પછી શું થયું તેની મને ખબર નથી પણ ઇજા થવાથી લોહી નીકળતા માથાવાળા ઇસ્માઇલને દોડી જતાં મેં જોયો હતો." વકીલને ત્યાં આ પ્રમાણેની વાત નકકી થઇ હતી.

"જો હરામખોર!" કરૂપ્પાણે પિંજરામાંથી બૂમ પાડી. હજીયે તેને આશા હતી કે તે કુરૂમાન્કુર હતો એમ પૂરવાર થશે.

પછી તેનો વકીલ તેની પાસે ગયો અને તેને શાંત કરવા તેના કાનમાં કંઇક કહ્યું. કેસ પુરો થયો ત્યારે એસેસરોએ અભિપ્રાય આપ્યો કે કરૂપ્પાણુ ખૂનની કોશીશ કર્યા માટે નહિ પણ સખત ઉશ્કેરણીમાં મહા વ્યથા બદલ ગુન્હેગાર છે. ન્યાયાધીશે ચુકાદો આવતી કાલ ઉપર મુલતવી રાખ્યો.

બીજે દિવસે કોર્ટ બેઠી ત્યારે એનો ચુકાદો અપાયો ન્યાયાધીશે જણાવ્યું :

"હું એસેસરોના મતથી જુદો પડું છું અને કરૂપ્પાણુને ખૂનની કોશીશ માટે ગુન્હેગાર ઠરાવું છું. હું ખાદીરખાન અને ઇસ્માઇલનો પુરાવો સ્વીકારૂં છું કે તેઓ કરૂપ્પાણુ પાસે લેણા હોતાની ઉઘરાણી માટે ગયા હતા. તહોમતદાર દારૂડિયો છે અને ગુસ્સામાં આવી જઇને તેણે પ્રાણઘાતક હથિયાર વડે તેના પર હુમલો કર્યો અને માત્ર અકસ્માતથી જ અને બીજા માણસો વચ્ચે પડવાથી ખાદીરખાન અને તેનો દીકરો મોતમાંથી બચી ગયાં. હું તેની સ્ત્રીની વાત માની શકતો નથી કારણ કે તેને આમાં હિતસંબંધ છે. અને ખાસ કરીને એટલા માટે કે તેણે મેજીસ્ટ્રેટ પાસે જુદી વાત કહી હતી અને વળી પોલિસ પાસે જુદી જ વાત કહી હતી."

છેવટે તેણે તેને છ વરસની સખત મજુરીની સજા કરી. વળી ન્યાયાધીશે પાર્વતી ઉપર જુઠી સાક્ષી પુરવાના ગુન્હા બદલ કેસ કરી સેન્કશન મેળવી શકાય કે કેમ તેનો વિચાર કરવા સરકારી વકીલને ભલામણ કરી.

કરૂપ્પાણે સજા સાંભળી ત્યારે તે બૂમ પાડી ઉઠયો : "રાંડે મને છેતર્યો. બૈરી જ્યારે બેવફા નીવડે ત્યારે શું ધણી માત્ર જોઇ રહે ?"

"કેદીને લઇ જાઓ." ન્યાયાધીશે ફરમાવ્યું.

આ બધી હકીકત જણાવીને તે હાઇકોર્ટમાં અપીલ કરી

શકે છે એમ કહેતા કહેતા પહેરા ઉપરના સિપાઇઓ કરૂપ્પાણુને લઇ ગયા

૧૦

કેસ પુરો થતાં પાર્વતીના જેઠ કે બીજાએ તેને માટે જરાયે વિચાર ન કર્યો. મહા મુશ્કેલીએ તે રામપુરમ પહોંચી. પેલા વૃદ્ધ મુસલમાન સિપાઇને કાંઇક દયા આવતી હતી. તે તેને પાછી મૂકી ગયો.

"તારે બધી સાચેસાચી હકીકત કહી દેવી જોઇતી હતી. અને તે પણ શરૂઆતમાં જ," તેણે કહ્યું. "ન્યાયાધીશે તારી વાત સાચી ન માની કારણકે તેં પહેલી કોર્ટમાં સાચું કહ્યું ન હતું અને અહીંઆ પણ તેં ખરેખરી હકીકત કહી નહિ." પાર્વતી તેનું કહેવું સાંભળતી હતી પણ તેના શબ્દો ભાગ્યે જ તેના સમજવામાં આવ્યા. તેઓ રામપુરમ રાત્રે મોડા પહોંચ્યા. સિપાઇએ તેને તેના નાના મકાનના બહારના વરંડામાં સૂઇ રહેવા અને બીજે દિવસે સવારમાં તેના ભાઇને ત્યાં જવા કહ્યું. તે રાત્રે તેની આંખ મળી નહિ. 'હું મારી ભાભીને શું મોં બતાવીશ ! હવે તો બધું ખતમ થઇ ગયું છે. ભગવાને મારી સામું જોતો નથી. હવે આ જીવતર કેમે કરી પૂરૂં થાય તો સારૂં. આમાંથી છૂટવાનો ઉપાય મારા હાથમાં છે. એ ઉપાય કોઇ લઇ જાય એમ નથી.'' ઘણા કલાકના ઉજાગરા પછી સવારના પ્હોરમાં તેના થાકેલા મનને જરા આરામ મળ્યો. તે ઘોર ઊંઘમાં પડી ગઇ. સિપાઇ છ વાગે ઉઠ્યો અને તેને ઘસઘસાટ ઊંઘતી જોઇ તેને થયું : "ધણીને જેલમાં મોકલી આ બાઇ તદ્દન સુખી થઇ ગઇ હોય એમ લાગે છે. મૂરખ હોય તે આ બૈરાંઓનો વિશ્વાસ કરે."

કોઇ બાળકનું રડવું સાંભળી પાર્વતી જાગી ઊઠી. જાણે તેનું બાળક દર્દથી ચીસ પાડીને રડતું હોય એવું તેને સ્વપ્નું આવ્યું. તેનું બાળક તો કયારનું મરી ગયું છે અને પોતે રસ્તા પર રઝળતી ભીખારી બની ગઇ છે એમ સમજતાં કેટલીક ક્ષણો વીતી ગઇ.

તે બેઠી થઇ અને જોયું તો એક નાનો કાળો છોકરો તેની સામે ઊભો છે અને મોં પર આંગળી રાખી બાળકની પેઠે રડવાનો અવાજ કરે છે. તે વારાફરતી અચૂક રીતે માતાનો અવાજ અને બાળકના રડવાનો અવાજ કાઢતો હતો પાર્વતીને બેઠી થયેલી જોતાં જ તેણે તમાશો બંધ કર્યો અને પૈસો માગ્યો.

"છોકરા, તારું ઘર ક્યાં છે ?" પાર્વતીએ પૂછ્યું.

"એક પૈસો આપો."

"તારો બાપ કોણ છે ?" પાર્વતીએ ફરી પૂછ્યું.

"મને ખબર નથી," નાના છોકરાએ જવાબ આપ્યો

"તારી મા નથી ?" તેણે પૂછ્યું.

"છે, પણ તે મને કુકકર પાળનાર પાસે મૂકી વહી ગઇ છે."

"તને ખવરાવે છે કોણ ?"

"ખવરાવે છે ? હું જ. હું પૈસા લાવું છું, અને પૈસા કુકકરવાળાને આપું છું. કોઇ કોઈ વાર તે મને ખવરાવે છે, પણ ત્યારે હું એને પાછળથી પૈસા ચૂકવી આપું છું."

"આ છોકરા જેવું રડતાં તું ક્યાં શીખ્યો ?"

"હું અને એક બીજો તાંજેર શીખેલા. મને કાંઇક આપો. મારે કુકકરવાળા પાસે જવું છે."

"એ કુક્કરવાળો કોણ છે ?"

"તે આ શહેરમાં આવ્યો છે. તે કુક્કર ખરીદે છે અને વેચે છે. અમે એક ગામથી બીજે ગામ ફરતા ફરીએ છીએ."

એટલામાં સિપાઈ બહાર આવ્યો અને છોકરાને ધમકાવી હાંકી કાઢ્યો.

"એ તો ચોરો છે. હમણાં બધું જોઇ જાય છે અને પછી એ ટોળીનાં માણસો ચોરી કરે છે. તને ઊંઘ ઠીક આવી લાગે છે," તેણે કહ્યું.

ધી અમદાવાદ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લીમીટેડ.

(સ્થાપના સને ૧૯૨૫)

મંજુર થયેલી શેરની થાપણ	:—	રૂ. ૧,૦૦,૦૦૦
ભરાયેલી શેર થાપણ	... ...	રૂ ૫૮,૫૦૦
રીઝર્વ ફંડ	... ...	રૂ. ૧૫,૬૬૭
બીજા ફંડ	... ...	રૂ. ૧૧,૫૭૦

ઓફીસ :–ગાંધીરોડ, બાલાહનુમાન, ડા. કાનુગાના દવાખાનાની બાજુમાં મેડા ઉપર.

(૧) આ બેંક જીલ્લાના ગરીબ અને મધ્યમ વર્ગના ખેડુતોને સહકારી મંડળીઓ મારફત સસ્તે દરે નાણાં ધીરવાનું કામ કરે છે.

(૨) ગ્રાહકોનાં ચાલુ ખાતાં રૂ. ૫૦) થી ખોલવામાં આવે છે. અને દરરોજની બાકી ઉપર ૧/૨ ટકો વ્યાજ આપવામાં આવે છે.

(૩) રૂ. ૧૦૦) અને તેથી વધુ રકમની બાંધી મુદતની થાપણો એક વરસ કે વધુ મુદત માટે લેવાય છે. વ્યાજનો દર બાર માસ માટે ૨ ¾ ટકા અને તેથી વધુ મુદત માટે વધારે વ્યાજ આપવામાં આવે છે.

(૪) બચત (સવીંગ્સ) થાપણો રૂ. ૫૦૦૦) સુધી લેવાય છે. અને દરેક મહિનામાં ઓછામાં ઓછી બાકી ઉપર ૨ ટકા લેખે વ્યાજ આપવામાં આવે છે.

(૫) આ બેંકના હિસાબ સરકારી ઓડીટર મારફત તેમજ સ્થાનિક રજીસ્ટર્ડ એકાઉન્ટન્ટસ મારફત તપાસાય છે.

(૬) આ બેંકમાં બેંકીંગ ને લગતું સામાન્ય કામકાજ કરવામાં આવે છે.

પાન્ડુરાવ ભાઈલાલ દેસાઈ	**રાવજીભાઈ દેસાઈભાઈ પટેલ**
ચેરમેન.	મેનેજીંગ ડાયરેક્ટર

શ્રી રામકૃષ્ણ સેવા સમિતિ તરફથી અત્યાર સુધીમાં નીચેનાં પુસ્તકો પ્રગટ થયાં છે.

૧ શ્રી રામકૃષ્ણ પરમહંસ (જીવન અને ઉપદેશામૃત)
૨ શ્રી નાગ મહાશયનું જીવન વૃત્તાંત ૦-૬-૦
૩ એક સંતનો અનુભવ
૪ *શ્રમણ-નારદ લોકસેવાવ્રતની કથા
૫ શાન્તિદાસ (સ્વદેશી વિષે વાર્તા)
૬ શ્રી રામચંદ્ર દત્તનું જીવન વૃત્તાંત કીંમત ૦-૮-૦
પોસ્ટેજ ૦-૨-૦
૭ નવું રેલ્વે સ્ટેશન (પ્રૌઢ શિક્ષણાર્થે)
૮ સહકાર (ગ્રામોદ્ધાર માટે)

વિષ્ણુપ્રસાદ રતનરામ ઠાકોર
"શ્રી રામકૃષ્ણ ભુવન" ગુજરાત સોસાયટી
અમદાવાદ

રસીકલાલ વાસુદેવ મ્હેતા
સાંકડી શેરી, હજીરાની પોળ, અમદાવાદ.

---

* આ પુસ્તકની છઠ્ઠી આવૃત્તિ છે. ભેટ તરીકે વહેંચવા લગભગ પડતર કીંમતે રૂા. ૧) માં ૩૨ પ્રતો આપવા વ્યવસ્થા કરી છે.

દારૂ પીનારાઓને રાજાએ દેશપાર કરવા જોઇએ.

—મનુસ્મૃતિ

*　　　*　　　*

દારૂ ઘેલાઓ માટે અફસોસ.

—બાઇબલ

*　　　*　　　*

શયતાન એજ ઇચ્છે છે કે દારૂ અને જુગાર દ્વારા તમારામાં માંહોમાંહે અદાવત અને કીનો પેદા કરાવે.... ....

—અલ કુરઆન

*　　　*　　　*

સ્વરાજ્યમાં શરાબની કમાણી આપણને હરામ હોવી જોઇએ... ....

—ગાંધીજી

*　　　*

દારૂ તો મારે હિસાબે ચોરી કે કદાચ વ્યભિચારના કરતાં પણ બૂરી ચીજ છે. કારણ આ બંને કુકર્મનું પિતૃપદ દારૂને જ હોય છે.

—ગાંધીજી

*　　　*　　　*

મુદ્રક:—રણછોડભાઇ વાઘજીભાઇ પટેલ. શ્રી નારાયણ પ્રિ. પ્રેસ,
સંસાર સુધારા હોલ પાસે, સે. નં. ૨૪૯૯–૧ ભદ્ર—અમદાવાદ.